## આગામી ચૂંટણીમાં તમામ ૧૮૨ બેઠક જીતીશું: સી.આર. પાટીલ

જૂનાગઢ,તા.૧૯ ભાજપ ગુજરાતનાં અધ્યક્ષ સી. આર. પાટીલ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસે છે. આજે તેમનો બીજો દિવસ છે. પ્રદે અધ્યક્ષે આજે ભાજપના કાર્યકર્તાઓને અનેક વાતો સમજાવી દીધી છે. તેમણે કાર્યકર્તાઓને સ્પષ્ટ વાત કરતા કહ્યું કે, જૂથવાદ કરનારને તેનું સ્થાન બતાવાવમાં આવશે. અમે કાર્યકરોને વિનંતી કરી છે કે, તેઓ ક્યારેય જૂથવાદમાં પડે નહીં. તમે તમારા મેરિટ ઉપર જ લક્ષ્ય આપજો. તમને તમારા કરેલા કામ પરથી જવાબદારી સોંપવામાં આવશે. કોઇના કહેવાથી અને કોઇના જૂથમાં રહેવાથી કોઇ જવાબદારી નહીં મળે.

સી. આર પાટીલે વધુમાં જણાવ્યું કે, ૨૦૨૨માં તમામ ૧૮૨ બેઠક પર અમે જીતીશું. લોકસભાની ૨૬માંથી ૨૬ બેઠક જીત્યા હતા તેવી જ રીતે વિધાનસભાની પણ ૧૮૨માંથી ૧૮૨ બેઠકો પર જીત મેળવીશું. ૧૮૨ બેઠકો જીતવી અઘરી વાત નથી. આ માટે અત્યારથી જો કહેલા કામ પાર પાડશે તો આ જીત એક હજારને એક ટકા નક્કી છે.

આ ઉપરાંત તેમણે કાર્યકર્તાઓનાં શિક્ષક બનીને પણ અનેક વાતોની ટકોર કરી કે, કાર્યકરોને જૂથવાદથી દૂર રહી કામ કરવું જોઇએ. નેતાઓના ઝભ્ભા પકડવાના બદલે પેજ સમિતિમાં સાચા કાર્યકરોને સ્થાન આપવા સૂચના આપવામાં આવી છે. ચૂંટણીમાં જો ટિકિટ જોઇતી હશે તો છેલ્લી ૪ ચૂંટણીમાં પેજ-બુથમાં પક્ષને લીડ હોવી જરૂરી છે. જો લીડ ન હોય તો ટિકિટની અપેક્ષા ન રાખવી. લોકોના કામ કરવા કાર્યકરોને ટકોર કરી છે.<br />મંત્રીઓ-સાંસદો પાસે લોકોના પ્રશ્નો પહોંચાડવાની કાર્યકરોની જવાબદારી છે.

ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે જુના નેતાઓને એક કરવાની શરૂઆત કરતા પૂર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યની મુલાકાત લીધી છે. હેમાબેન આચાર્ય આરઝી હુકુમત આંદોલનમાં સામેલ થયા હતા.

## ભાજપ સરકારમાં ૬૦ ટકા મંત્રીઓ મૂળ કોંગ્રેસી: હાર્દિક પટેલ

ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, "હાલ ભાજપ પાસે નેતાઓની અછત છે. સી.આર. પાટીલ સૌરાષ્ટ્રના પ્રવાસમાં ઉત્સાહમાં આવીને નિવેદનો આપી રહ્યા છે. હાલ બીજેપી સરકારમાં ૬૦ ટકા મંત્રીઓ મૂળ કોંગ્રેસી છે. પાટીલ કાર્યકરોને સાચવવા માટે આવા નિવેદનો કરી રહ્યા છે. તેઓ નવાં નવાં આવ્યા છે એટલે ઉત્સાહમાં આવી ગયા છે. જો એવું જ હોય તો ગુજરાતની આગામી પેટા-ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસમાંથી આવેલા એક પણ નેતાને ટિકિટ ન આપવી જોઈએ.

## ભારત રત્ન શેહનાઈનવાઝ બિસ્મિલ્લાહ ખાન



મહાન શેહનાઈ વાદક ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન ૧૩વર્ષ પહેલાં, ૨૧ ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ અલ્લાહને પ્યારા થઇ ગયા હતા. ત્યારે તેઓ ૯૦ વર્ષના હતા. ભારતમાં સદીઓથી જાણીતું લોકવાદ્ય આ ઉસ્તાદે દુનિયાભરમાં લોકપ્રિય બનાવ્યું. જે શેરીઓમાં, ખેતરોમાં કે મંગળ પ્રસંગે વગાડતું તે વાદ્ય શેહનાઈને ઉસ્તાદ મંચ પર લાવ્યા. સુરતના ચોકબજારના નગીનચંદ હોલમાં પણ તેઓ શેહનાઈ વાદન કરવા આવ્યા હતા.

આપણા દેશે ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાનને દેશના સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન'થી ૨૦૦૧માં નવાજ્યા હતા. તેઓ એ સન્માન મેળવનારા એમ. એસ. સુબ્બુલક્ષ્મી, રવિ શંકર બાદ ત્રીજા શાસ્ત્રીય સંગીતકાર હતા.

૨૧ માર્ચ ૧૯૧૬ ના રોજ તેમનો જન્મ બિહારના ડૂમરાવ ગામે કમરૂદ્દીન ખાન રૂપે પૈગમ્બર બક્ષ ખાનના મુસ્લિમ પરિવારમાં થયો હતો. તેમના વડીલો ભોજપુરના રાજાના નક્કારખાનામાં મંગળ વાદ્યનું સંગીત વગાડતા. પિતાજી ડુમરાવના રાજા કેશવ પ્રસાદ સિંઘના દરબારમાં શેહનાઈવાદન કરતા હતા.તેમના જન્મ બાદ દાદા રસુલ બક્ષ ખાને બાળકને પહેલીવાર જોઇને 'બિસ્મિલ્લાહ' યાને 'ખુદાના નામે' એવું સંબોધન કરતાં તેમનું નામ બિસ્મિલ્લાહ ખાન પડ્યું હતું. પાંચ વર્ષની ઉંમરે બિસ્મિલ્લાહ બિહારમાં ડુમરાવના રાજાના મહેલ પાસે ગીલ્લી-દંડા રમતા. ત્યાર બાદ તેઓ નિયમિત રીતે નજીકના બીહારજી મંદિરમાં જઈને ભોજપુરી લોકસંગીત 'ચૈતા' ગાતાં અને રાજા સાહેબ તેમણે સવા કિલોનો મોટો લાડૂ ભેટમાં આપતા. છ વર્ષની ઉંમરે બિસ્મિલ્લાહ બનારસ તેમના મામાને ત્યાં રહેવા ગયા હતા. મામાજી અલીબક્ષ વિલાયતુ ખાન વિખ્યાત કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરના શેહનાઈ વાદક હતા. ૧૯૩૨માં ૧૬ વર્ષની ઉંમરે બિસ્મિલ્લાહના પરિવારે તેમને પિત્રાઈ બહેન સાથે પરણાવ્યા હતા.

બિસ્મિલ્લાહ ખાનને શેહનાઈ જેવા લોક વાદ્યને એકલે હાથે શાસ્ત્રીય સંગીતના મંચ પર લાવવાનું શ્રેય અપાય છે. ૧૯૩૭ની ઓલ ઈન્ડિયા મ્યુઝીક કોન્ફરન્સ, કોલકાતામાં તેમણે તે કરી બતાવ્યું હતું. તેમના વાદ્ય અને વાદન રૂપે તેઓ ખૂબ જ વિખ્યાત થયાં અને શેહનાઈ અને બિસ્મિલ્લાહ ખાન એકબીજાના પર્યાય બની ગયાં. ભારતીય શાસ્ત્રીય સંગીતના તેઓ સૌથી લોકપ્રિય વાદક રહ્યા અને

**ઓગસ્ટના સિતારા**

**નરેશ કાપડિયા**

દુનિયાભરના મંચ પર ઉસ્તાદે શેહનાઈ વાદન કર્યું. તેઓ પોતાના વાદ્ય શેહનાઈ માટે એટલા ભાવક હતા કે તેમના પત્નીના નિધન બાદ ઉસ્તાદ શેહનાઈને જ પોતાની બીજી બેગમ રૂપે ઉલ્લેખતા. સંગીત દ્વારા પ્રેમ અને શાંતિના દૂત રૂપે બિસ્મિલ્લાહ ખાનના શેહનાઈ વાદનને માન મળતું.

૧૯૪૭માં દેશ આઝાદ થયો તેની પૂર્વ સંધ્યાએ ઉસ્તાદે દિલ્હીના લાલ કિલ્લા પર શેહનાઈ વાદન કર્યું હતું. તેજ રીતે દેશ પ્રજાસત્તાક બન્યો તે ૧૯૫૦ની ૨૬ જાન્યુઆરીની પૂર્વ સંધ્યાએ પણ તેમણે લાલ કિલ્લા પરથી શેહનાઈ પર રાગ કાફી વગાડ્યો હતો. પછી તો વડા-ધાન પંડિત નેહરુ લાલ કિલ્લા પરથી દેશને સંબોધન કરે ત્યાર બાદ વર્ષો સુધી ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાનનું શેહનાઈ વાદન થતું, જે આકાશવાણી - દૂરદર્શન પર પ્રસારિત થતું. ગત વર્ષે ગુગલે બિસ્મિલ્લાહ ખાનના જન્મ દિને ડુડલ બનાવી ઉસ્તાદને માન આપ્યું હતું.

કન્નડ સુપર સ્ટાર ડૉ. રાજ કુમારની ફિલ્મ માટે ઉસ્તાદે શેહનાઈ વગાડી હતી અને ફિલ્મ સુપર હીટ થઇ હતી. ઉસ્તાદે સત્યજીત રાયની ફિલ્મ 'જલસાઘર'માં અભિનય કરીને શેહનાઈ વાદન કર્યું હતું, તો 'ગુંજ ઊઠી શેહનાઈ' ફિલ્મના ગીતોમાં પણ ઉસ્તાદની શેહનાઈ ગુંજે છે. મહાન દિગ્દર્શક ગૌતમ ઘોષે ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન પર 'સંગે મીલ સે મુલાકાત' નામની દસ્તાવેજી ફિલ્મ બનાવી હતી.

ઉસ્તાદ બનારસમાં રહેતાં અને સવારે ચાર વાગ્યે ઊઠીને ગંગા કિનારે શેહનાઈનો રીયાઝ કરતા. ત્યારે પણ ચાહકો તેમને ઘેરીને સાંભળતા રહેતાં. તેઓ ઓલિયા પ્રકારના તદન સામાન્ય માનવી જેવું જીવતાં. બિસ્મિલ્લાહ ખાન પાક મુસ્લિમ હતા અને કોમી એખલાસના પ્રતિક મનાતા. તેમના આધ્યાત્મિક ગુરુ પ્રેમ રાવત માટે પણ બિસ્મિલ્લાહ શેહનાઈ વાદન કરતા. પોતાની શેહનાઈ વગાડવાની આવડતને ઉસ્તાદ ભગવાન વિશ્વનાથની કૃપા માનતા હતા. તેઓ ભાગ્યે જ શાગિર્દ બનાવતા. છતાં, કોઈક યોગ્ય વ્યક્તિને પોતાની આવડતનો નાનો પણ ભાગ આપી શકાય તો રાજી થતા. તેમના અનુયાયીઓમાં શેહનાઈ વાદક એસ. બલ્લેશ અને તેમના સુપુત્રો નઝીમ હુસૈન અને નય્યર હુસૈનનો સમાવેશ થાય છે. ઉસ્તાદને પાંચ દીકરીઓ અને ત્રણ દીકરાઓ હતાં. પોતાના સંતાનો, પૌત્રો અને -પૌત્રો સાથે તેઓ આનંદથી રહેતા.

દેશના શહીદોને અંજલી આપવા માટે દિલ્હીના ઇન્ડિયા ગેટ પર શેહનાઈ વાદન કરવાનું ઉસ્તાદનું સપનું અધૂરું રહ્યું. તેઓ માંદા પડ્યા અને બનારસની હેરીટેજ હોસ્પિટલમાં દાખલ કરાયા તેના ચાર દિવસ બાદ પહેલાં જ હૃદય રોગના હુમલાથી ૯૦ વર્ષની વયે તેમનું નિધન થયું. ત્યારે દેશે એક દિવસનો રાષ્ટ્રીય શોક પાળ્યો. બનારસના કબ્રસ્તાનમાં લીમડાના વૃક્ષ નીચે તેમની વહાલી શેહનાઈ સાથે ઉસ્તાદને દફનાવાયા ત્યારે સેનાએ ૨૧ તોપોની સલામી આપી હતી.

## રાજ્યમાં RTE એડમિશન શરૂ

ગાંધીનગર,તા.૧૯ રાજ્યમાં ગરીબ બાળકોને સારી શાળામાં પ્રવેશ મળી શકે તે માટે સરકાર દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન નિયમ કરવામાં આવ્યો છે. રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત એડમિશન લેવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં પ્રથમ દિવસે જ પાંચ હજારથી વધુ અરજીઓ મળી છે.

આ બાબતે પ્રાથમિક શિક્ષણ નિયામક એમ.આઈ. જોષીએ જણાવ્યું હતું કે, ધોરણ-૧ના બાળકો માટે રાઈટ ટુ એજ્યુકેશનના પ્રવેશમાં ઓનલાઈન ફોર્મ ભરવાનું શરૂ કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે જ પાંચ હજારથી વધુ ફોર્મ પ્રાપ્ત થયાં છે. જ્યારે આ સમગ્ર અરજી ફોર્મ ફક્ત ઓનલાઇન જ ભરવાના રહેશે. જ્યારે દર વર્ષે ફોર્મ ભર્યા બાદ દરેક જિલ્લામાં રીસીવિંગ સેન્ટર ઉભું કરવામાં આવે છે કે, જ્યાં જઈને વાલીઓ પોતાના દસ્તાવેજ જમા કરાવી શકે.

જો કે, આ વર્ષે covid-19 પરિસ્થિતિને ધ્યાનમાં લઈને રીસીવિંગ સેન્ટર રાખવામાં આવ્યાં નથી. જ્યારે તેના ઓપ્શનમાં વાલીઓએ પુરાવા સ્કેન કરીને ઓનલાઈન જ એટેચ કરવાના રહેશે, ત્યારબાદ ફોર્મની ચકાસણી કરીને ફોર્મ રિજેક્ટ કરવું કે સ્વીકારવું તેની જવાબદારી જિલ્લા કક્ષાની રહેશે. જ્યારે આ વર્ષે કોઈ પણ પ્રકારની ફરિયાદ હજી સુધી આવી નથી. આ ઉપરાંત જો કોઈને પ્રશ્ન અથવા તો સમસ્યા હોય તો તેઓ માટે હેલ્પલાઈન નંબરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

## સાઉદી અરબે ઈઝરાયેલની સાથે શાંતિ કરાર માટે શરત મૂકી

રિયાધ,તા.૧૯ ઈઝરાયેલ અને સંયુક્ત અરબ અમીરાતની વચ્ચે શાંતિ કરાર બાદ એવી અટકળો લાગી રહી છે કે પશ્ચિમ એશિયાના વધુ કેટલાક દેશો વહેલી તકે આવું કરી શકે છે. ત્યાંજ સાઉદી અરબે ઈઝરાયેલની સાથે સાર્વજનિક સ્તરે સંબંધ સ્થાપિત કરવા માટે શરત રાખી છે.

સાઉદી સરકાર તરફથી જણાવવામાં આવ્યું છે કે, જ્યાં સુધી ઈઝરાયેલ પેલેસ્ટાઈનની સાથે આંતરરાષ્ટ્રીય સ્તર પર માન્યતા પ્રાપ્ત શાંતિ કરાર પર હસ્તાક્ષર નહીં કરે ત્યાં સુધી તેઓ તેમની સાથે રાજદ્વારી સંબંધિ સ્થાપિત નહીં કરે. હાલમાં જ એક ઐતિહાસિક કરાર કરતા સંયુક્ત રાષ્ટ્ર અમીરાતે ઈઝરાયેલને માન્યતા પ્રદાન કરી અને તેમની સાથે રાજદ્વારી સંબંધ પણ સ્થાપિત કર્યા. ઈઝરાયેલ અને સાઉદીની વચ્ચે હાલના કેટલાક વર્ષોમાં દ્વિપક્ષીય સંબંધ સારા થયા છે. સાઉદી અરબ અને ઈઝરાયેલ બંને દેશો ઈરાનના પરમાણુ હથિયાર બનાવવાનો વિરોધ કરે છે. આ ઉપરાંત બંને દેશ યમન, સીરિયા, ઈરાક અને લેબનાનમાં ઈરાનની આકાંક્ષાઓને લઈને ચિંતિત છે.

### તાઈવાનનો ચીનને ઝટકો

## iQiyi અને Tencentના સંચાલન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો

તાઈવાન,તા.૧૯ ભારત બાદ તાઈવાનએ રાષ્ટ્રીય સુરક્ષાને ટાંકીને તેના દેશમાં ઘણી ચાઈનીઝ એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂકી દીધો. તાઈવાનમાં અધિકારીઓએ ચાઈનીઝ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ iQiyi y™u Tencentના સંચાલન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો.

તાઈવાનના આર્થિક બાબતોના મંત્રાલયે કહ્યું કે આ પગલું ચીની મીડિયા કંપનીઓના પ્રભાવવાળી સહાયક કંપનીઓના માધ્યમથી તાઈવનમાં પોતાની સામગ્રી મોકલવાને રોકવા માટે ઉઠાવ્યું છે. તાઈવાનના કોમ્યુનિકેશન્સ રેગ્યુલેરે જણાવ્યું હતું કે આ નિર્ણય બાદ વ્યક્તિઓ, કંપનીઓ અને અન્ય સંસ્થાઓને ચીનમાં ઈન્ટરનેટ દ્વારા આવતી સામગ્રીને દેશમાં ૩ સપ્ટેમ્બરથી પ્રતિબંધિત કરી દેવાશે. ત્યાં સુધીમાં તાઈવાની કંપનીઓને તેમના ડેટાને સુરક્ષિત કરવા માટે સમય આપવામાં આવ્યો છે જે ચીની કંપનીઓના સહયોગથી કામ કરી રહી હતી. આર્થિક બાબતોના મંત્રાલયે ૧૮ ઓગસ્ટે તેની વેબસાઈટ પરની એક જાહેરાતમાં કહ્યું હતું કે, "ચુકાદાની સામે હિંસા કરનારાઓની તપાસ થશે અને રાષ્ટ્રીય સંચાર આયોગ દ્વારા તેને ઉકેલાશે.


(પાના નં.૧નું ચાલુ...)


**ભિલાડ અને મલાવમાં**

..............

આવનારા દિવસોમાં વારસાઇ ઝુંબેશ રાખવામાં આવનાર છે, જેથી વારસાઇ માટે પેઢીનામા સહિતજરૂરી દસ્તવેજો તૈયાર રાખવા જણાવ્યું હતું. કોરોના સામે રક્ષણ મેળવવા સરકારની સૂચનાઓનું પાલન કરવા જણાવ્યું હતું. કોરોના સામે રાજ્ય સરકારે ૨૦ હજાર કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું છે. ૩૪ હજાર પૈકી ૨૯ હજાર કરતાં વધુ અરજીઓ મંજૂર કરી દેવામાં આવ્યા છે, જ્યારે બાકીની અરજીઓ પણ ટૂંક સમયમાં મંજૂર કરી મંજૂરીપત્રો આપી દેવામાં આવશે.

પ્રાયોજના વહીવટદાર બી.કે.વસાવાએ સ્વાગત પ્રવચનાં સૌને આવકારી જિલ્લાના આદિજાતિના લોકોને આપવામાં આવેલી સહાય અંગે તેમજ વન અધિકાર અધિનિયમ અંતર્ગત મળનારા જમીનના અધિકારપત્રો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

આ અવસરે તાલુકા વિકાસ અધિકારી સુરેશભાઇ કલારા, સંબંધિત ગામોના સરપંચ, અગ્રણી દિલીપભાઇ જાદવ, મુકેશભાઇ પટેલ, રામદાસ વરઠા, પ્રકાશભાઇ પટેલ, વન વિભાગ અને પ્રાયોજના કચેરીના કર્મીઓ હાજર રહયા હતા.

## Gmailનું સર્વર ડાઉન, ભારત સહિત ૧૧ દેશોમાં ઈમેલ સર્વિસ ખોરવાઈ

ન્યુ દિલ્હી,તા.૧૯ ગૂગલની ઈ-મેઈલ સર્વિસ જીમેઈલની સર્વિસ વૈશ્વિક સ્તરે ખોરવાઈ હોવાથી હેકિંગની આશંકા પ્રબળ બની છે. સવારે ૧૦ વાગ્યા પછી ભારત સહિતના કેટલાંક દેશોમાં જીમેઈલની સેવાઓ યથાવત કામ ન કરતી હોવાની ફરિયાદો આવી હતી. બાદમાં ગૂગલે પણ પોતાના સત્તાવાર ગૂગલ એપ પેજ પર જીમેઈલની સેવાઓ ખોરવાઈ હોવાનું કબૂલ્યું હતું. અલબત્ત, સત્તાવાર કારણ હજુ આપવામાં આવ્યું નથી. ગૂગલ ડ્રાઈવમાં પણ ફાઈલ અપલોડ કે ડાઉનલોડ થવામાં મુશ્કેલી થઈ રહી હોવાની ફરિયાદો થયા બાદ ગૂગલે ડ્રાઈવની સેવાઓ પણ ખોરવાઈ હોવાનું સ્વીકાર્યું હતું. ઉલ્લેખનીય છે કે, દુનિયાભરમાં ૧૫૦ કરોડ અને ભારતમાં ૩૬.૫ યુઝર્સ ધરાવતી આ સર્વાધિક લોકપ્રિય મેઈલિંગ સર્વિસ છે અને તેના ખોરવાવાથી વિશ્વભરમાં મુશ્કેલી સર્જાઈ શકે છે. લોકોએ વિશ્વના પ્રિય ફરિયાદ બોર્ડ ટ્વિટર પર આ લાગણીઓને પહોંચાડી છે. ઘણાને જીમેઈલ અપ્રાપ્ય હોવાની ફરિયાદો કરી છે. છે, ખાસ કરીને જ્યારે તમારે હોમથી કામ કરતી વખતે આવી સેવાઓ પર આધાર રાખવો પડે છે.

જીમેઈલ ડાઉન હોવાનો વિશ્વભરમાં હોબાળો મચ્યો છે. કેટલાક દેશોના વપરાશકર્તાઓ તેમના મેઈલ્સમાં દસ્તાવેજો જોડાણ કરવામાં સમસ્યાઓની જાણ કરી રહ્યાં છે. અશ્વનીએ એન ટ્વિટરને કહ્યું, "ક્યારેય વિચાર્યું ન હતું કે જીમેલમાં સર્વર ડાઉન થઈ શકે છે અથવા તકનીકી સમસ્યાઓ થઈ શકે છે!

## પાયલટ કોંગ્રેસ કાર્યાલયે પહોંચ્યા તો ગેહલોતે જવાનું ટાળ્યુ..!

જયપુર,તા.૧૯ રાજસ્થાનમાં એક મહિનાથી પણ વધારે ચાલેલા રાજકીય ઘમાસાણ બાદ આખરે ઘી ના ઠામમાં ઘી ઢળ્યું હતું. સચિન પાયલટ અને મુખ્યમંત્રી અશોક ગેહલોત વચ્ચે ઉભા થયેલા મતભેદ ઉકેલાઈ ગયા હોવાનું ચિત્ર ઉભુ થયું હતું. જોકે પાયલટ અને ગેહલોત વચ્ચે હજી પણ બધુ ઓલ વેલ ના હોવાનું આજે ફરી એકવાર સામે આવ્યું હતું.

રાજસ્થાન કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષપદેથી હાંકી કાઢવામાં આવ્યા બાદ આજે ગુરૂવારે પહેલીવાર સચિન પાઈલટ રાજસ્થાન કોંગ્રેસ કાર્યાલય પર પહોંચ્યા હતા. અહીં તેમણે દિવંગત પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી અશોક ગેહલોત પણ આવાના હતા પરંતુ છેલ્લી ઘડીએ તેમનું આગમન રદ થયું હોવાનું જાણવા મળ્યું હતું.

રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ કમિટિએ જાહેરાત કરી હતી કે, આજે સવારે સાડા દસ વાગ્યે મુખ્યમંત્રી અશોક ગેહલોત કોંગ્રેસ કાર્યાલય પર આવીને સ્વર્ગીય વડાપ્રધાન રાજીવ ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરશે. પરંતુ અશોક ગેહલોત દેખાયા જ નહોતા. ગેહલોતના બદલે સચિન પાઈલટ કોંગ્રેસ મુખ્યાલય પર પહોંચ્યા હતા અને તેમણે રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાઈલટ આવતાંની સાથે જ મુખ્યમંત્રીના આગમન માટે જે પોલીસ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો એ તુરંત ખસેડી લેવામાં આવ્યો હતો.

સચિન પાઈલટે રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ કહ્યું હતું કે રાજીવ ગાંધી ૪૦૦ બેઠકો સાથે સંસદીય ચૂંટણીમાં વિજેતા નીવડ્યા હતા છતાં માત્ર બે બેઠક ધરાવતા ભાજપને પણ પૂરતું સન્માન આપતા હતા. એવા વડાપ્રધાન મળવા મુશ્કેલ છે. આજે ભાજપ કોંગ્રેસ મુક્ત ભારતની વાત કરે છે. ભાજપે રાજીવ ગાંધીની ઉદારતાને યાદ કરવાની જરૂર છે. આજે દેશમાં જે ટેક્નિકલ ક્રાન્તિ દેખાય છે એનો યશ રાજીવ ગાંધીને આપવો ઘટે છે.


'દમણગંગા ટાઈમ્સ' દૈનિક હવે ઈન્ટરનેટ પર PDFમાં કોઈપણ વ્યક્તિને વિશ્વમાં કોઈપણ સ્થળે ઉપલબ્ધ છે.

**લોગઓન કરો:**

www.damangangatimes.com


### DOLAT INVESTMENTS LIMITED

Regd. Off: Office No. 141, Center Point, Somnath, Daman, Daman & Diu- 396210
Corp .Off: 301-308, Bhagwati House, Plot A/19, Veera Desai Road, Andheri (W), Mum - 400058
Tel.: 91-22-2673 2602; Fax: 91-22-26732642; CIN: L67100DD1983PLC004760;
Website: www.dolatinvest.com; E-mail: post@dolatinvest.com;

**NOTICE**

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, that a Meeting of the Board of Directors of the Company is scheduled to be held on Wednesday, 26th August, 2020, inter-alia, to consider and take on record, the unaudited financial results (Consolidated & Standalone) for the 1st quarter ended 30th June, 2020 and to consider payment of interim dividend and to transact any other business with the permission of Chair.

The Interim Dividend, if declared, shall be paid to the equity shareholders of the company whose name appear on the register of Members of the company or in the records of the depositories as beneficial owners of the shares as on Thursday, September 03, 2020 which is the Record date fixed for the purpose.

The information is also available on the website of the Company at www.dolatinvest.com as well as on the website of BSE Ltd at www.bseindia.com.

For Dolat Investments Limited
Sd/-
Sandeepkumar G. Bhanushali
Company Secretary & Compliance Officer

Date : 20th August, 2020
Place : Mumbai

## જાહેર ચેતવણી



આથી અમો નીચે સહી કરનાર શ્રી હરીશભાઈ નારણભાઈ પટેલ (ભંડારી) તથા શ્રીમતી દમયંતીબેન હરીશભાઈ પટેલ (ભંડારી) બંને રહેવાસી ઘર નં.૧૧૦/૫, ભંડારવાડ, મરવડ, નાની દમણ, જાહેર કરીએ છીએ કે બાજુના ફોટાવાળી દિતીક્ષા અમારી પુત્રી થાય છે પરંતુ હાલ તે અમારા કે અમારા કુટુંબના કહ્યામાં નથી અને અમારું ઘર છોડીને અમારી મરજી વિરુધ્ધ એક છોકરો નામે જીગર નરેન્દ્ર રાણા, રહેવાસી ઘર નં.૨/૨૬૫, રાણા શેરી, નાની દમણ, સાથે પ્રેમલગ્ન કરી, તેના ઘરે તા.૨૪/૦૫/૨૦૧૯ થી રહેવા લાગેલ છે. જેથી અમોએ તેણીની સાથેનો તમામ પ્રકારનો વ્યવહાર તોડી નાંખેલ છે તથા અમારી મિલકતમાંતી તેણીને બેદખલ કરેલ છે.

આથી જાહેર જનતાને આ જાહેર ચેતવણીથી જાણ કરવામાં આવેલ છે કે દિતીક્ષા હરીશભાઈ પટેલ (ભંડારી) ઉર્ફે દિતીક્ષા જીગર રાણા સાથે કોઈપણ વ્યક્તિએ અમારા નામથી કે અમારા વતી કોઈપણ પ્રકારનો વહીવટ કે વ્યવહાર કરવો નહી અને જો કોઈપણ આવો વહીવટ કે વ્યવહાર કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી તેની પોતાની રહેશે, અને આ અંગે અમારી કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

**જાહેર કરનાર**

૧. હરીશભાઈ નારણભાઈ પટેલ (ભંડારી)
૨. દમયંતીબેન હરીશભાઈ પટેલ (ભંડારી)






### CHANGE OF NAME

I HAVE CHANGE MY OLD NAME FROM PANKAJ KUMAR NATVARSINH CHAUHAN TO NEW NAME PANKAJSINH NATVARSINH CHAUHAN & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE SD- PANKAJSINH NATVARSINH CHAUHAN












**દમણગંગા ટાઈમ્સ**

**ડીસ્કલેમર/ સ્પષ્ટતા**

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક